==================================================

## મે. વ્યારાના ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. વ્યારા, તાપી

==================================================

**Criminal Case no. 2782/2025**

**ફરીયાદી : સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી : વિલાસભાઈ પ્રવીણભાઈ ચૌધરી,**
**રહે.ખોળ તળાવ ગામ, દેવાણી ફળીયુ, તા.વ્યારા,**
**જી.તાપી.**

==================================================

**ગુનો : એમ. વી. એકટ કલમ ૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ.**

==================================================

**ઠરાવ**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે **એમ. વી. એકટ કલમ ૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)** મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાંથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી વિરુધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી

કે કોઈ સ્થિર આવક નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને માનસીક તનાવમાં દારૂ પી લીધેલાનુ કબુલ કરે છે. વધુમાં જણાવે છે કે અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારા–મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર કોર્ટમાં આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતો ધ્યાને લઈ, આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાંણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્દેશથી નમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૫) આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૬) સદર કામમાં આરોપી સામે **ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬ (૧) (બી)** મુજબનો શિક્ષાને પાત્ર ગુના અંગેનુ તહોમત છે જેમાં **ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૬ (૧), (બી),** મુજબના ગુનાના કામે **પ્રથમ ગુના માટે ૬ માસ સુધીની કેદની સજા અને રૂા. ૧૦૦૦/– સુધીનો દંડ** કરવાની સજાની જોગવાઈ છે અને તેમજ બીજા અને ત્યાર પછીના ગુના માટે અલગ સજાની જોગવાઈ છે.

(૭) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં રાખીને આરોપીએ દારૂ પીધા અંગેનો ગુનો કબુલ કરે છે. જયારે દારૂ પી છાટકો બનીને લથડીયા ખાતો હોવા અંગેનો આક્ષેપ માત્ર છે. આરોપી વિરુધ્ધ ફરીયાદપક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે આરોપીએ ચોકકસ સમયે અને ચોકકસ જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી

પ્રવાહી પીને સાર્વજનિક સ્થળમાં છાટકો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દ અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય અને બીજા સાથે મારા–મારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય તેવી કોઈ હકકીત રેકર્ડ ઉપરથી જણાઈ આવતી નથી. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહીં.

(૮) આમ, આરોપીનો સમય, ફરીયાદીપક્ષે પોલીસનો સમય, સરકારી વકીલશ્રીનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે છે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સાથે સરકારનો, અત્રેની કોર્ટનો અને પક્ષકારોનો જે સમય અને શ્રમ બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ઘ્યાને લઈ કેસનો નિકાલ કરવો અત્રેની કોર્ટને ન્યાયોચિત જણાઈ આવે છે. આમ, જયારે આરોપી જાતે જ આ ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરવા માંગતો હોય ત્યારે આરોપીને કાયદામાં નિર્દેશ કરેલ સજા પૈકી કેટલી સજા કરવી જોઈએ તે કોર્ટે કેસની હકીકતો, આરોપીની પરિસ્થતી, તથા ગુનાના સંજોગો ઘ્યાને નકકી કરવી જોઈએ તેવુ અત્રેની કોર્ટનુ નમ્ર પણ માનવાનુ થાય છે. આમ, જયારે આોરપી જાતે જ ગુનાની કબુલાત કરતો હોય અને હાલનો ગુનો તેઓનો પ્રથમ ગુનો હોઈ પોતાની ભુલ સુધારવા/ભુલનુ પ્રાયશ્ચિત કરતો હોય ત્યારે કાયદામાં નિર્દેશ કરેલ સજા કરતા ઓછી સજા કરવાથી આરોપીને પોતાની ભુલ સુધારવા એક તક મળી રહે તેવા નેક આશયને લક્ષમાં રાખીને ઓછામાં ઓછી સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.

(૯) વધુમાં જણાવવાનું કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>૨૦૦૫ (૧) જી.એલ.આર.</u>**

**૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંન્દ્રજી ઠાકોર**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, ''જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે'' અને સદરહુ ચુકાદાનાં પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાય છે અને ત્યારે આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. આમ ઉપરોકત તમામ હકીકતો–રજુઆતો ધ્યાનમાં લેતા આ કામે આરોપી સ્વૈચ્છિક પણે ગુન્હોની કબુલાત કરેલ છે અને તેઓની આર્થિક પરિસ્થિતિ અને કુંટુંબની જવાબદારી તેમના પર ચાલી આવેલ છે અને ત્યારે નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧૦) આ કામમાં આરોપીની સામે એમ. વી. એકટની કલમ ૧૮૫ મુજબના ગુનો નોંધવામાં આવેલ છે. જે નોન કોગ્નીઝેબલ ગુનો છે. સદર ગુનો નો કોગ્નીઝેબલ ઓફેન્સ છે તે બાબતે નામદાર દીલ્હી હાઈકોર્ટે નરેશ સિંઘ વિરુઘ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના કેસમાં ઠરાવેલ છે તે નીચે મુજબ છે.

**Delhi High Court in Narain Singh V/s. The State (1986 (1) Crimes 535 at page 537)**

Hon’ble Delhi High Court held that, an offence under any law other than the Indian Penal Code would be non-cognizable in character if it is punishable with imprisonment for less than three years or with fine only. Offences under Secs.184 and 185 of the Act must come under the third category of cases mentioned in Part II of the First Schedule of the Code, i.e. punishable with imprisonment for less than three years and hence non-cognizable and bailable in character.

પરંતુ આ કામમાં માત્ર એમ. વી. એકટ કલમ ૧૮૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલ નથી સાથે સાથે ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬(બી) મુજબનો ગુનો પણ નોંધવામાં આવેલ છે. હવે જ્યારે નોન કોગ્નીઝેબલ ઓફેન્સના ગુનાની નોંધ અંગે બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૪ માં જે જોગવાઈ કરવામાં આવેલ છે તે સરળતા ખાતર અંહી ટાંકવામાં આવેલ છે.

**<u>155. Information as to non-cognizable cases and investigation of such cases.</u>**

(1) XXXXXXXXXXXXX

(2) XXXXXXXXXXXXX

(3) XXXXXXXXXXXXX

(4) Where a case relates to two or more offences of which at least one is cognizable, the case shall be deemed to be a cognizable case, notwithstanding that the other offences are non-cognizable.

(૧૧) હવે જ્યારે બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૪(૪) ને ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવે તો કોઈ પણ નોન કોગ્નીઝેબલ ઓફેન્સ હોય તેની સાથે જો કોઈ બીજો ગુનો જોડાયેલો હોય અને તે કોગ્નીઝેબલ હોય તો કેસની સઘળો કેસ કોગ્નીઝેબલ કેસ તરીકે ધ્યાને લેવાશે પરંતુ આ કેસમાં ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬(બી) મુજબનો ગુનો નોધંવામાં આવેલ છે. તેમાં પણ સજાની જોગવાઈ ત્રણ વર્ષ કરતા ઓછી છે માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની પરિશિષ્ઠ – ૨ ના ત્રીજી કેટેગરીમાં જણાવ્યા મુજબ જે ગુનામાં સજાની જોગવાઈ ત્રણ વર્ષ કરતા ઓછી હોય તે તમામ ગુનાઓ નોન કોગ્નીઝેબલ ઓફેન્સ ગણાશે. તે જોગવાઈ મુજબ ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬(બી) મુજબનો ગુનો પણ નોન કોગ્નીઝેબલ ઓફેન્સ છે પરંતુ ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૧૨૯ માં જણાવ્યા મુજબ પોલીસ તેની તપાસ કોગ્નીઝેબલ ઓફેન્સ હોય તે રીતે કરી શકશે. હવે જ્યારે બી.એન.એસ.એસ.ની કલમ–૧૭૪(૪) ની સાથે એમ. વી. એકટ કલમ ૧૮૫ વંચાણે લઈએ તો તે નોન કોગ્નીઝેબલ ઓફેન્સ છે પરંતુ ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬(બી) મુજબનો ગુનો કલમ ૧૨૯ મુજબ કોગ્નીઝેબલ ગણાશે માટે આ કેસને કોગ્નીઝેબલ ઓફેન્સના

ગુનાની જેમ કાર્યવાહી કરવાની રહેશે તેવુ અત્રેની કોર્ટનુ નમ્ર પણે માનવાનુ થાય છે. હવે જયારે કોઈ એક કેસ કે જેમાં એક થી વધુ ગુનાની કલમો જોડેલ હોય અને આરોપી જયારે ગુનો કબુલ કરવાનુ જણાવતો હોય અને તે કબુલ કરવા ઈચ્છતો ગુનો પણ બીજા ગુના સાથે સંકળાયેલો હોય તો તેવી કબુલાતમાં કોઈ એક ગુનાની કબુલાત લઈ શકાય નહી પરંતુ બન્ને ગુનાની કબુલાત કરવામાં આવે છે. તેવા કેસમાં આરોપી ગુનાની પસંદગી કરી શકે નહી કે કલમ ધી ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ ૬૬(બી) મુજબનો ગુનો કબુલ છે અને એમ. વી. એકટની કલમ ૧૮૫ મુજબનો ગુનો કબુલ નથી. માટે અત્રેની કોર્ટ દવારા આરોપીએ આપેલ કબુલાત પરથી બનને ગુના કબુલ છે તેમ માનીને ન્યાયોચિત જણાતો નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## -: હુકમ :-

(૧) આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/– (અંકે પાંચસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન – ૭ (સાત) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે તથા એમ. વી. એકટ કલમ ૧૮૫ મુજબ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ તારીખ ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : વ્યારા

**(સુરેશકુમાર કરશનભાઈ સોલંકી)**
ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ એન્ડ
એડી.સીનીયર સીવીલ જજ
તાપી, મુ.વ્યારા
(Code:GJ-01299)